ગુણસરા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત રાજ્ય સરકારના મંત્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી સાથે ૧૪ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે

તાપી,તા.૭

આદિવાસી સમાજની ગૌરવવંતી સંસ્કૃતિ ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા તેમજ તેમની પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવા દર વર્ષે તા. ૯મી ઓગષ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ આદિવાસી દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં આદિજાતિ વસતી ધરાવતા ૧૪ જિલ્લાના વિવિધ સ્થળો ખાતે મુખ્યમંત્રી સહિત રાજ્ય સરકારના મંત્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

વિશ્વ આદિવાસી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલા ગુણસરા ગામ ખાતે કરવામાં આવશે. રાજ્યકક્ષાની ઉજવણીમાં આદિજાતિ વિકાસ મંત્રી કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિની પણ ઉપસ્થિતિ રહેશે.ડાંગ–આહવા ખાતે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, છોટા ઉદેપુર ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, નર્મદા-ડેડીયાપાડામાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ભરૂચ-ઝઘડીયામાં પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, નવસારી-ગણદેવીમાં પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, બનાસકાંઠા–દાંતામાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત તેમજ દાહોદના લીમખેડા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં આદિવાસી દિવસ ઉજવાશે.આ ઉપરાંત વલસાડના કપરાડા ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, નર્મદા-નાંદોદમાં સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, દાહોદ ખાતે પંચાયત રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ, વલસાડના ધરમપુરમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, નવસારી-વાંસદામાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ, પંચમહાલના મોરવા-હડફમાં પશુપાલન રાજ્ય મંત્રી પરસોત્તમભાઈ સોલંકી તેમજ સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમાર સહિત રાજ્યના વિવિધ સ્થળો ખાતે સંસદ સભ્યો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે.

સાબરમતી રામચોક ચાર રસ્તા પાસે અર્બન સેન્ટરની સામે મોટો ભુવો પડી ગયો હતો. જેનું કામ ચાલી રહ્યું છે.

ગુજરાત યુનિ.ની હોસ્ટેલ કેમ્પસમાં ગાંજાનો છોડ

ગાંજાના છોડ મળ્યા બાદ સમગ્ર કેમ્પસમાં તપાસ હાથ ધરાઈ

રાજકોટ,તા.૭

રાજકોટની મારવાડી બાદ હવે ગુજરાતની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીમાંથી ગાંજાના છોડ મળી આવ્યા છે. હજુ થોડા દિવસ પહેલા જ રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાંથી મળેલા ગાંજાના છોડ મામલે FSLનો રિપોર્ટ સામે આવ્યો છે. જેમા મળી આવેલા છોડ ગાંજાના જ હતા તે પુરવાર થયુ છે. ત્યારે વધુ એક શિક્ષાના ધામમાંથી ગાંજાના છોડ મળી આવ્યા છે.હાલ તો આ ગાંજાનો છોડ અહીં કોણ લાવ્યુ અને કોણે વાવ્યો તેને લઈને સવાલ ઉઠી રહ્યા છે. યુનિવર્સિટીની હોસ્ટેલમાં ડી બ્લોક પાસે ગાંજાના બે છોડ જોવા મળ્યા છે ત્યારે સૌથી મોટો સવાલ એ છે કે યુનિવર્સિટીમાં ગાંજાના છોડ આવ્યા કેવી રીતે શું યુવાનોને નશાના રવાડે ચડાવવાનું કાવતરુ રચાઈ રહ્યુ છે ? તે પણ આશંકા સેવાઈ રહી છે. ગાંજાના છોડ મળ્યા બાદ યુનિવર્સિટીના સમગ્ર કેમ્પસમાં તપાસ હાથ ધરાઈ છે. યુનિવર્સિટીમાં માત્ર આ બે જ છોડ છે કે અન્ય કોઈ જગ્યાએ પણ આ પ્રકારે ગાંજાની ખેતી થતી હતી કે કેમ તે બાબતે પણ તપાસ કરવામાં આવી રહી છે. યુનિવર્સિટીમાં આવેલી વિદ્યાર્થીઓની હોસ્ટેલની તદ્દન બાજુમાંથી જ આ સાતેક ફુટ લાંબો ગાંજાનો છોડ મળી આવ્યો છે. આ છોડને ઉછેરવા માટે તેને પાણી અને છાશ પિયત તરીકે અપાતી હતી તેવો પણ આક્ષેપ છે. એક તરફ રાજ્યમાં માદક નશીલા પદાર્થોની હેરાફેરી અટકે તેના માટે વિવિધ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે તો સતત બીજીવાર શિક્ષણના ધામમાં ગાંજો મળતા અનેક સવાલો ઉઠી રહ્યા છે.

સાડા ત્રણ મહિના પહેલા રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં કથિત ગાંજાના છોડ મળી આવ્યા હતા. સમગ્ર મામલે પોલીસ દ્વારા સ્થળ પર જ આ છોડનું પરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ત્યારે આ છોડના પરીક્ષણનું પરીણામ નેગેટીવ આવ્યુ હતું. જે બાદ આ છોડને વધુ તપાસ માટે FSLમાં મોકલવામાં આવ્યા હતા. જે છોડને લઈને હવે FSLના રિપોર્ટમાં આ છોડ ગાંજોના હોવાનો ખુલાસો થયો છે.

એસટી બસમાં લેપટોપના ઉપયોગ બદલ ભાડું લેવાયું

વિભાગને જાણ થતાં એસટી વિભાગ દ્વારા બસના કંડક્ટર સામે કાર્યવાહી

અમદાવાદ,તા.૭

ગુજરાતભરમાં રોજ લાખો લોકો એસટી બસમાં મુસાફરી કરતા હોય છે. લગભગ રોજ ૨૫ લાખ જેટલા મુસાફરો એસટી બસનો લાભ લે છે. તમે પણ એસટી બસમાં મુસાફરી જરૂર કરી હશે. એસટી બસમાં મુસાફરી કરતી વખતે કેટલીકવાર કોઈ વ્યક્તિને તમે લેપટોપ પર કામ કરતા પણ જોયા જ હશે. ત્યારે આજે અરવલ્લી જિલ્લાના મોડાસામાંથી વિચિત્ર ઘટના સામે આવી છે. વાસ્તવમાં એસટી બસમાં લેપટોપનો ઉપયોગ કરવા બદલ મુસાફર પાસેથી ૮૮ રૂપિયા ભાડું વસુલવામાં આવતા એસટી બસના કંડક્ટર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

અંતોલી-અમદાવાદની બસમાં મોડાસાના બેંક કર્મચારીને ખરાબ અનુભવ થયો. મોડાસાથી અમદાવાદ જતી બસમાં કંડક્ટરે બેંક કર્મચારી પાસેથી બસમાં લેપટોપ વાપરવા બદલ ૮૮ રૂપિયા ભાડું લીધું હતું. બસમાં લેપટોપ વાપરવા બદલ ભાડું લેવામાં આવતા બેંક કર્મચારી હચમચી ગયા હતા. જે બાદ તેઓએ સોશિયલ મીડિયા દ્વારા સમગ્ર મામલો બહાર લાવવા પ્રયાસ કરાયો હતો. આ અંગેની જાણ જી વિભાગને થતાં એસટી વિભાગ દ્વારા બસના કંડક્ટર સામે કાર્યવાહી કરવામાં આવી છે.

આ અંગે મોડાસા એસટી બસ સ્ટેન્ડના ડેપો મેનેજર એચ.આર. પટેલે જણાવ્યું કે, તારીખ ૫/૦૮/૨૦૨૩ના રોજ અંતોલી-અમદાવાદ લોકલ બસમાં કંડક્ટર દ્વારા લેપટોપની જે ટિકિટ આપવામાં આવેલ છે. તે બાબતે આમ તો નિયમ અનુસાર લેપટોપની ટિકિટ આપવાની થતી હોતી નથી. પરંતુ ઈલેક્ટ્રિક વીજ ઉપકરણ કે જે સીટની જગ્યા રોકે છે, તેની ટિકિટ આપવાની થતી હોય છે. તેમણે વધુમાં જણાવ્યું કે, સોશિયલ મીડિયા દ્વારા જે ફરિયાદ મળી છે તેનું રિફંડ કરવામાં આવશે અને ફરજ પર હાજર કંડક્ટરનું નિવેદન લેવાની તજવીજ હાલ હાથ ધરવામાં આવી છે.

હાલ જેમની પાસેથી લેપટોપનું ભાડું વસુલવામાં આવ્યું છે, તેમનો અત્રેથી સંપર્ક કરવામાં આવશે.

આપ અને કોંગ્રેસ ગુજરાતમાં સીટો વહેંચીને ચૂંટણી લડશે

કોંગ્રેસ બંને સાથે મળીના આગામી લોકસભાની ચૂંટણી લડે છે કે નહી તે તો આવનારા સમયમાં જ ખબર પડશે

અમદાવાદ,તા.૭

ગુજરાતનાં આમ આદમી પાર્ટીનાં પ્રમુખ ઈસુદાન ગઢવીએ સોમવારે એક નિવેદન આપીને રાજકારણમાં હડકંપ મચાવી દીધો હતો કે આપ અને કોંગ્રેસ ગુજરાતમાં આગામી લોકસભાની સીટો વહેંચીને ચૂંટણી લડશે. કારણ કે બંને પાર્ટીઓ વિપક્ષ I.N,D.I.A. ની ગઠબંધનની સભ્ય છે. ત્યારે આ બાબતે ઈશુદાન ગઢવીએ પ્રતિક્રિયા પર કોંગ્રેસે પ્રતિક્રિયા આપતા કહ્યું કે પાર્ટી કેન્દ્રીય નેતૃત્વનાં નિર્દેશોનું પાલન કરશે.

આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બંને I.N,D.I.A. નાં ગઠબંધનનો એક ભાગ છે. હાલમાં જ ચૂંટણીને લઈને ગઠબંધનની વાતચીત ચાલી રહી છે. આવા સમયમાં ગુજરાતમાં સીટોનાં વિભાજનની ફોર્મ્યુલા હેઠળ આમ આદમી પાર્ટી તેમજ કોંગ્રેસ બંને સાથે મળીના આગામી લોકસભાની ચૂંટણી લડે છે કે નહી તે તો આવનારા સમયમાં જ ખબર પડશે.

આમ આદમી પાર્ટીનાં ગુજરાતનાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ લોકો સાથે વાતચીતમાં કહ્યું કે જો બધું યોજના અનુસાર થયું તો હું ગેરંટી આપુ છું કે ભાજપ આ વખતે ગુજરાતમાં ૨૬ સીટ નહી જીતી શકે. તેમજ તેઓએ વધુમાં કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા માટે અરવિંદ કેઝરીવાલનાં નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી વિપક્ષી I.N,D.I.A. નાં ગઠબંધનમાં જોડાઈ છે. ઈસુદાન ગઢવીએ કહ્યું કે આમ આદમી પાર્ટી ગુજરાતમાં એવી સીટો શોધવાનું શરૂ કરી દીધું છે. જે સીટ પર પાર્ટી ઉમેદવાર ઉભો રાખી શકે છે. ગુજરાત આમ આદમી પાર્ટીનાં પ્રમુખ દ્વારા અચાનક કરવામાં આવેલ આ જાહેરાત પર કોંગ્રેસે પ્રતિક્રિયા આપતા કહ્યું કે હજુ અંતિમ નિર્ણય બાકી છે. કેન્દ્રીય નેતૃત્વ આ અંગે નિર્ણય લેશે.

ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ પત્રકારોને જણાવ્યું કે મને હાલ જ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલ જાહેરાત બાબતે હાલ જ જાણવા મળ્યું છે. ત્યારે અન્ય પાર્ટીઓ સાથે સીટો તેમજ અન્ય વાટાઘાટો બાદ કેન્દ્રીય નેતૃત્વ દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે. ચૂંટણી પહેલા ગઠબંધન પર નિર્ણય લેવો કેન્દ્રીય નેતૃત્વનો વિશેષાધિકારી છે. કેન્દ્રીય નેતૃત્વ જ્યારે પણ આ બાબતે તેઓનો અભિપ્રાય જાણવા માંગશે તો પ્રદેશ સંગઠન આ બાબતે ચર્ચા કરશે. ગુજરાત કોંગ્રેસ રાષ્ટ્રીય નેતાઓનાં નિર્દેશોનું પાલન કરશે. ભાજપે આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલ જાહેરાત પર ધ્યાન આપ્યું નથી. ગુજરાત ભાજપનાં પ્રવક્તા ઋત્વિજ પટેલ કહ્યું કે અમે છેલ્લી બે ટર્મથી ગુજરાતમાં તમાં ૨૬ લોકસભા સીટો જીતી રહ્યા છે. આ વખતે અમારૂ લક્ષ્ય ૫ લાખ મતોમાં માર્જીનથી તમામ સીટો જીતવાનો લક્ષ્યાંક છે. ત્યારે વડાપ્રધાન મોદીનાં નેતૃત્વ વાળી કેન્દ્ર સરકાર કોઈનાથી ડરતી નથી. અમને ચૂંટણીમાં જીત હાંસલ કરવાનો સંપૂર્ણ વિશ્વાસ છે. ત્યારે તમને જણાવી દઈએ કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને આપ એકબીજાની વિરૂદ્ધમાં હતા. જેમાં કોંગ્રેસને ૧૭ અને આપ ને ૫ સીટ મળી છે.

સુરતમાં પ્રતીબંધિત એમડી ડ્રગ્સ સાથે ૩ ઈસમો ઝડપાયા

સુરત,તા.૭

સુરતમાં પ્રતીબંધિત એમડી ડ્રગ્સ સાથે ૩ ઈસમો ઝડપાયા છે. સુરતમાં ખટોદરા પોલીસ અને એલસીબી ઝોન ૪ ની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ૩ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી પ્રતીબંધિત ૬૭,૬૦૦ રૂપિયાની કિંમતનું ૬.૭૬૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ, એક ફોરવ્હીલ સહીત કુલ ૭.૯૬ લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે.સુરતમાં બાતમીના આધારે ખટોદરા પોલીસ અને એલસીબી ઝોન ૪ ની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ઉધના દરવાજા જૂની સબજેલની બાજુમાં આવેલી સરકારી વસાહત પાસેથી ફોરવ્હીલ કાર લઈ પસાર થઈ રહેલા અરબાઝ અબ્દુલ રહીમ પટેલ, રેહાન મોહમદ યાકુબ મેવાવાલા તથા મોહમદ એઝાઝ મોહમદ ઈમ્તિયાઝ શેખને ઝડપી પાડ્યા હતા.પોલીસે આરોપીઓ પાસેથી પ્રતીબંધિત ૬૭,૬૦૦ રૂપિયાની કિંમતનું ૬.૭૬૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું હતું જેથી પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી કુલ ૭.૯૬ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

વિદ્યાપીઠના સત્તાધીશો સામે વિદ્યાર્થીઓનું આંદોલન

સત્તાધિશોની મનમાની સામે ગાંધી ચીંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન

અમદાવાદ,તા.૭

ગૂજરાત વિદ્યાપીઠમાં વર્ષોથી ચાલી આવતી સર્વધર્મ પ્રાર્થના ઉપર એકાએક સત્તાધીશો દ્વારા રોક લગાવવામાં આવ્યો છે. ત્યારે સત્તાધીશોનાં આ જોહુકમી નિર્ણય સામે ગૂજરાત વિદ્યાપીઠનાં વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગો વિરોધ નોંધાવ્યો છે. વિદ્યાર્થીઓ દ્વારા કાળી પટ્ટીધારણ કરી તેમજ રેટીયોકાતિને વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીઓનાં અવાજનો દબાવા માટે વિદ્યાપીઠનાં સત્તાધીશો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે સત્તાધિશોની મનમાની સામે વિદ્યાર્થીઓએ ગાંધી ચીંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ નોંધાવ્યો છે. ત્યારે આ મામલે ગૂજરાત યુનિવર્સિટીનાં કાર્યકારી કુલસચિવ નિખિલ ભટ્ટે જણાવ્યું હતું કે, જે મેટર છે તે બે ડિપાર્ટમેન્ટની મેટર છે. અને તે ડીનનાં અન્ડરમાં આવે છે. ત્યારે વિદ્યાર્થીઓ તરફથી હજુ વહીવટીય વિભાગમાં હજુ કોઈ રજૂઆત આવી નથી. એ લોકોએ જે રજૂઆત કરી છે તે ડીન કક્ષાએ કરી છે. કોઈ વિદ્યાર્થીને ઉપાસના કરતા રોકી ન શકાય અને રોકવામાં આવ્યા છે તેવી કોઈ માહિતી મારી પાસે આવી નથી. કોઈ પણ મુદ્દો હોય તો તેનો વાટાઘાટોથી તેનો નિર્ણય લાવી શકાય છે.

પાવાગઢમાં ૧૧ ઓગસ્ટ સુધી રોપ વે સેવા બંધ

વડોદરા, તા.૭

શું તમે આ સપ્તાહમાં યાત્રાધામ પાવાગઢ મંદિર જવાનું વિચારતા હોવ તો આ સમાચાર તમારા માટે મહત્ત્વના છે. આપને જણાવીએ કે, ૧૧ ઓગસ્ટ સુધી પાવાગઢ રોપવેની મેઈન્ટેનેન્સ કામગીરીના લીધે રોપવે સેવા બંધ રહેશે. જોકે, ૧૨ ઓગસ્ટ શનિવારના રોજથી રાબેતા મુજબ આ સેવા ફરીથી શરૂ કરવામાં આવશે. આ સેવા પાંચ દિવસ માટે બંધ રહેશે અને શનિવારે ફરીથી શરૂ થઈ જશે. આ અંગે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, તારીખ સાતમી ઓગસ્ટથી ૧૧ ઓગસ્ટ સુધી રોપ વે સેવા બંધ રહેશે. જેના કારણે દર્શનાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. રોપ વે સેવા પૂરી પાડતી ઉષા બ્રેકો કંપની દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. મેઈન્ટેનેન્સ કામગીરીના લીધે રોપવે સેવા બંધ રહેશે. છેલ્લા ઘણાં સમયથી સેવામાં ખામી આવતી હોવાના કારણે મેઈન્ટેનન્સની કામગીરીને ધ્યાને રાખી રોપવે સેવા બંધ કરવામાં આવી છે. આ માટે આગામી ૫ દિવસ રોપવે સેવા બંધ રહેશે.

કબજો રદ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવાનુ શરૂ કરાયુ છે. જે મુજબ અત્યાર સુધી અડાલજ, સરગાસણ, રાયસણ, ચિલોડ, કુડાસણ સહીતના વિસ્તારમાં આવાસના ૪૨ લાભાર્થીઓને નોટીસ આપવામાં આવી છે. જેમાં એમ આઈ જી અને એલ આઈ જી સહીતના તમામ પ્રકારના લાભાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં રકમની ચુકવણી નહીં કરનારા લાભાર્થીઓના આવાસનો કબજો રદ કરવાનો નિર્ણય લેવાયો હોવાનુ જણાંવાયુ છે. જે મુજબ ડિપોઝીટ સિવાયની રકમ પણ ચેક દ્વારા ખાતામાં ચુકવી દેવા પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. જયારે અન્ય ૩૦૦ કીસ્સામાં આવાસો મામલે પૈસા ચુકવી દેવા માટે પણ આખરી નોટીસ આપી દેવામાં આવી છે. જેના લીધે લાભાર્થીઓ પણ દોડતા થઈ ગયા છે. આાવાસનો કબજો રદ કરી દેવાના કિસ્સામાં કેટલાક લાભાર્થીઓ નાંણાની ચુકવણી કરી દેવા માટે તૈયાર હોવાની રજુઆત પણ ગુડા સમક્ષ કરી રહ્યા છે. ત્યારે ગુડાએ પણ આ મામલે પુન : વિચારણા હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

દહેગામમાં..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે જ્યારે આ કાર્યયોજના આગામી એક વર્ષમાં પૂર્ણ કરી દેવામાં આવશે કેન્દ્ર સરકારની સ્કિલ ઈન્ડિયા અભિયાન અન્વયે રોજગારલક્ષી શિક્ષણ પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જ્યારે આ યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં જૂના અને સુવિધા વગરના આઈટીઆઈના બિલ્ડીંગને નવીન બનાવવા પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે આ યોજના અન્વયે જિલ્લામાં દહેગામ આઈટીઆઈનો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે આ માટે ફંડની ફાળવણી પણ કરવામાં આવી છે બિલ્ડીંગ નવીનીકરણ ના અંતે વિદ્યાર્થીઓને વધુ સુવિધા સાથે શિક્ષણ પૂરું પાડવામાં આવશે હાલ જૂના બિલ્ડિંગમાં કામગીરી કાર્યરત છે

પાણીના મીટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોકે ગુડાએ મંગાવેલા ટેન્ડર ભરવા માટે જે મુજબ આવવા જોઈએ તે સંખ્યામાં ખાનગી એજન્સીઓ આગળ નથી આવી રહી. આ સ્થિતિમાં ટેન્ડર પ્રક્રિયા નવેસરથી હાથ ધરવામાં આવી છે. યોજના અંતર્ગત વિવિધ ક્ષમતાના મલ્ટી જેટ ડોમેસ્ટિક વોટર મીટર સપ્લાય કરવા, તેને વિવિધ જગ્યાએ લગાડવા, તેનું ટેસ્ટિંગ કરવું અને કાર્યરત કરવા સહિતની કામગીરી એક જ પેઢીને સોંપવામાં આવશે. તેમજ આ કામ રાખનાર પેઢીની સાથે જ ત્રણ વર્ષ સુધી તેના મેન્ટેનન્સ અને રીપેરીંગનું કામ કામ પણ સોંપવામાં આવશે. કોન્ટ્રાક્ટ રાખનાર કંપનીએ જ મીટર રીડીંગ કરીને બિલ તૈયાર કરવાનું કામ અને ગ્રાહકોને બિલનું વિતરણ કરવું પડશે.

સ્થાનો વધ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં પણ બિનજરૂરી ઉગી નિકળેલી વનસ્પિત દુર થતી નથી મચ્છર ઉત્પત્તિ સ્થાનો વધતા જાય છે. આ સ્થિતિમાં રોગચાળો વધુ જોર પકડે તેવી દહેશત પણ પ્રબળ બની છે. મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે જરૂરી દવાછંટકાવ અને પોરાનાશક કામગીરી માટે ઝુંબેશ હાથ ધરવાની પણ અનિવાર્યતા છે.

અજવાળુ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટ્રીટ લાઈટો પણ ઘણાં ઠેકાણે ડુલ જોવા મળે છે. ત્યારે સેકટરોમાં જે થાંભલા ચાલુ છે તેવા ઠેકાણે વૃક્ષોના નમી પડેલી ડાળીઓના લીધે માર્ગો પર અજવાળુ પથરાતુ નથી. ઘણાં ઠેકાણે આખે આખો લાઈટીંગ પોલ ઢંકાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં તેમજ નગરના ઉભા આડા માર્ગોની આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા માટે આયોજન કરાયુ હતુ જયારે મેન પાવર અને મશીનરીના અભાવે ટ્રીમીંગની કામગીરી હજુ સુધી થઈ નથી. વનતંત્રએ અગાઉ આ માટે ટીમો પણ કામે લગાડી હતી. પરંતુ સેકટરોમાં ટ્રીમીંગની કામગીરીનો અભાવ વર્તાય છે. શહેરના સેકટરોના આંતરિક તેમજ મુખ્યમાર્ગો પર જાહેરાતનુ માધ્યમ બની ગયેલા સ્ટ્રીટ લાઈટના થાંભલાની જાળવણી મામલે નિરસતા સેવાઈ રહી છે. શહેરમાં કેટલાક ઠેકાણે સુકા ઉભા વૃક્ષો પણ જોખમી હાલતમાં હોવાનુ મનાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી વનવિભાગ દ્વારા સેકટરોના આંતરિક વિસ્તારમાં ત્વરિત અસરથી ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે તે પણ અનિવાર્ય છે.

બિમારીથી બચવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હળદર અને મીઠું નાખીને પીવાથી રોગપ્રતિકારક શક્તિ સારી રહે છે, ચોમાસાની ઋતુમાં પાચનશક્તિ ઓછી થઈ જાય છે ત્યારે પાણી વધારે પીવું જોઈએ અને બહારનો ખોરાક અને બહારનું પાણી પીવાથી બચવું જોઈએ, બહાર રાખેલો વાસી અને ઠંડો ખોરાક લેવો જોઈએ નહિ. પાણીમાં લીંબુ ,આદુ , ફુદીનો નાખી આખો દિવસ પીવાથી પાચનશક્તિ સારી રહે છે, પચવામાં હલકો રહે તેવો જ ખોરાક લેવો જોએ જેમાં ખીચડી, વેજિટેબલ સૂપ, ઉપમા, વેજ પુલાવ લઈ શકાય. પૂરતા પ્રમાણમાં આવશ્યક કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, કેલ્શિયમ, સોડિયમ, આયરન, મિનરલ, વિટામિન, ફાઈબર મળી રહે તેવો ખોરાક લેવો જોઈએ."

અત્રે ઉલ્લેખનીય છે કે માનસી દેસાઈ ઉપાધ્યાય ત્રણ વર્ષથી ડાએટીશિયન તરીકે ફ્રીલાન્સર કામ કરી રહ્યાં છે અને છેલ્લાં ચાર મહિનાથી શહેરની પગરવ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે પણ સેવા આપી રહ્યાં છે. તેઓ ઇન્સ્ટાગ્રામ પર **di^a and nutrition** તેમજ **YouTube ...h di^aician _mansi** ચેનલથી જાણીતા બન્યા છે. આજકાલ ટેક્નોલોજીના કારણે અત્યંત ઝડપી બની ગયેલી જિંદગીમાં આરોગ્યને જાળવવા ડાયેટ અને ન્યુટ્રીશીઅન બાબતે નાગરિકોએ શું ધ્યાન રાખવું જોઈએ તે અંગે માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે "અત્યારે ચાલી રહેલી ભાગદોડવાળી જીંદગીમાં બલેન્સ ડાયટ લેવું ઘણું જરૂરી છે, અત્યારે દરેક વ્યક્તિએ દિવસમાં ૮ થી ૧૦ લીટર જેટલું પાણી લેવું જોઈએ તેમજ કાર્બોહાઈડ્રેટ પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે ઘઉં, બાજરી, જુવાર, મકાઈ, જવનો ઉપયોગ કરવો જોઈએ. પ્રોટીન મળી રહે તે માટે અઠવાડિયામાં ૩ દિવસ કઠોળ લેવા જોઈએ, પૂરતા પ્રમાણમાં મિનરલ મળે એ માટે લીલા પાંદડા વાળી શાકભાજી ખાવી જોઈએ,અને દરરોજ એક ફળ ખાવું જોઈએ તથા સલાડ પણ જમવામાં લેવો જોઈએ. દરેક વય જૂથના વ્યક્તિ એ આ રીતનો સમતોલ આહાર લેવો જોઈએ."

અધિકાર નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આખા વર્ષમાં કેબિનેટ છ વખત જ મળી છે, જ્યારે વિધાનસભાનુ સત્ર અનિયમીતરીતે મળે છે. અમીત શાહે પોતાના અભ્યાસપૂર્ણ પ્રવચનમાં જણાવ્યુ કે ડૉ. બાબાસાહેબ આંબેડકરે પોતાનો જે રીપોર્ટ આપેલો તેમાં દિલ્હીને પૂર્ણ રાજ્યના દરજ્જાની ભલામણ કરવામાં આવી નથી. અમે દિલ્હીની જનતાના હિતમાં આ બિલ લાવ્યા છીએ. અમિત શાહે એવો કટાક્ષ કર્યો કે અગાઉ દિલ્હીની સરકારોએ કેન્દ્ર સરકાર સાથે કોઈ ઝગડા કર્યા નથી. તે બધુ અમારી સરકાર સાથે જ થઈ રહ્યુ છે. કોંગ્રેસના ભુતકાળને સભ્યોના સ્મરણ પર મુકતા અમિત શાહે જણાવ્યુ હતુ કે ૧૯૭૫ની કટોકટી વખતે કોંગ્રેસે ભારતના ૩ લાખ લોકોને જેલમાં નાખ્યા હતા. દિલ્હી સરકારની કાયદાકીય પરિસ્થિતિ અંગે સ્પસ્ટતા કરતા ગૃહમંત્રીએ જણાવ્યુ હતુ કે દિલ્હીમાં મર્યાદિત સત્તાવાળી સરકાર અને વિધાનસભા છે.

વર્તમાન બિલ રજૂ કરવાના સંદર્ભે ગૃહમંત્રીએ કહ્યુ કે દેશની લોકસભા અને રાજ્યસભાએ અગાઉ બંધારણમાં અનેક સુધારા કર્યા છે. આ ઉપરાંત અગાઉ અનેકવાર એવુ બન્યુ છે કે સંસદના બન્ને ગૃહોએ અદાલતના ચુકાદા બદલાવ્યા છે. રાજ્યસભામાં અત્યંત શોરબકોર થવાને કારણે અમીત શાહે એક તબક્કે એવુ કહ્યુ હતુ કે ખોટી ચીસાચીસ ન કરવાનુ જણાવતા કોંગ્રેસ પક્ષના નેતા ખડગેએ અમિત શાહના એ શબ્દનો વિરોધ કર્યો હતો. એટલે અમિત શાહે ખેલદિલીપૂર્વક જણાવ્યુ હતુ કે હુ આ શબ્દ પાછા ખેંચુ છુ અને અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી કે આ શબ્દ રેકર્ડમાંથી રદ કરવો. અમિત શાહે આત્મવિશ્વાસપૂર્વ જણાવ્યુ કે દેશની રાજધાનીના વહિવટમાં દેશહિત ખાતર કઈ પણ ફેરફાર કરવાનો અમને અધિકાર છે. આઝાદીના લડતમાં ભાજપના ફાળા અંગે સવાલો ઉઠાવનાર લોકોને સણસણતો જવાબ આપતા શાહે જણાવ્યુ હતુ કે અમારા શ્યામપ્રસાદ મુખર્જી આઝાદીના લડતના અગ્રીમ લડવૈયા હતા અને આજે બંગાળ ભારતમાં છે એનો બધો જ યશ શ્યામપ્રસાદ મુખર્જીને આપવો પડે એમ છે.

રાજ્યસભામાં આ પ્રવચન કરતી વેળાએ અમિત શાહનુ એક નવુ સ્વરૂપ લોકોને દેખાયુ હતુ. ભરપૂર આત્મવિશ્વાસ, પુરતી તૈયારી અને તત્કાળ ઉભા થતા પ્રશ્નો કે મુદ્દાઓનો આક્રમક અને પ્રતિતિજનક જવાબ આપવાની શૈલી પ્રભાવિત કરે એવી હતી. ચર્ચાને અંતે આ બીલ પર મતદાન દરમિયાન ૧૩૧ વિરૂદ્ધ ૧૦૨ મતે પસાર થયું હતું.